# કેલિફોર્નિયામાં ફરીથી સામૂહિક હત્યાનો બનાવ, 7 લોકોનાં મોત

**કેલિફોર્નિયામાં** 8 દિવસની અંદર આ ત્રીજો બનાવ

**માર્યા** ગયેલા લોકો ચીનના

3 અઠવાડિયાથી પણ ઓછા સમયમાં અમેરિકામાં 39 લોકોનાં મૃત્યુ થયાં



### ઓકલેન્ડ ગેસ સ્ટેશન પર ગોળીબારમાં 1નું મોત, 8 લોકો ઘાયલ

ઓકલેન્ડ (યુએસ), તા. 24 (એપી) : સાન ફ્રાન્સિસ્કો બે એરિયામાં સોમવારે રાત્રે ઓકલેન્ડ ગેસ સ્ટેશન પર થયેલા ગોળીબારમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને સાત અન્ય ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસ નિવેદનમાં જણાવાયું હતું કે, અધિકારીઓને સાંજે 6 વાગ્યા પછી મેકાર્થર બુલેવાર્ડ પર ઘટનાસ્થળ પર મોકલવામાં આવ્યા હતા અને જાણવા મળ્યું કે ઘણા લોકો વચ્ચે ગોળીબાર થયો હતો.

અધિકારીઓને વેરો ગેસ સ્ટેશન પર શેલના ખોખા મળ્યા, પરંતુ કોઈ પીડિત મળ્યો ન હતો. જોકે, રવાનગી કરનારાઓએ જણાવ્યું કે ગોળીથી ઘાયલ થતાં ઘણા પીડિતો જાતે જ સારવાર માટે સ્થાનિક હોસ્પિટલોમાં ગયા હતા.

હાફ મૂન બે (અમેરિકા), તા. 24 (એપી): નોર્ધન કેલિફોર્નિયામાં બે કૃષિ વ્યવસાયોમાં એક બંદૂકધારીએ સાત લોકોની હત્યા કરી હતી, 8 દિવસની અંદર સામૂહિક હત્યાના ત્રીજા બનાવથી રાજ્ય શોકમાં ડૂબી ગયું હતું.

સોમવારે થયેલા ગોળીબારમાં પોલીસ અધિકારીઓએ શકમંદ 67 વર્ષીય ચુનીલ ઝાઓની ધરપકડ કરી હતી, શેરીફના સબસ્ટેશનના એક મોલની પાર્કીંગમાં તેને તેની કારમાંથી પકડવામાં આવ્યો હતો, એમ સેન મેટીઓનાં શેરીફ ક્રિસ્ટીના કોરપસે કહ્યું હતું. હાફ મૂન બેના વાઇસ મેયર જોકવીન જિમેનેઝે જણાવ્યું હતું કે પીડિતોમાં ચાઇનીઝ અને લેટિનો ફાર્મવર્કર્સનો સમાવેશ થાય છે. કેટલાક કામદારો એક સુવિધામાં રહેતા હતા અને બાળકોએ શૂટિંગ જોયું હશે, એમ તેમણે કહ્યું હતું.

એક ફાર્મ અને તેનાથી કેટલાંક કિલોમીટર દૂર બીજા એક સ્થળે કુલ 7 લોકો મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. અધિકારીઓનું માનવું છે કે ઝાઓ બંનેમાંથી એક જગ્યાએ કામ કરતો હતો અને મૃતકો પણ ત્યાંના કર્મચારીઓ હતા, એમ ક્રિસ્ટીનાએ કહ્યું હતું. જો કે અધિકારીઓએ હત્યાનો ઉદ્દેશ્ય જણાવ્યો ન હતો.

મોન્ટેરે પાર્કમાં ચીની નવા વર્ષની ઉજવણી દરમિયા થયેલા હુમલામાં 11 લોકો માર્યા ગયા હતા, કેલિફોર્નિયા હજુ પણ તે આઘાતમાંથી બહાર નથી નીકળ્યું અધિકારીઓ હજી પણ શનિવારે થયેલા ગોળીબારનો ઉદ્દેશ્ય શોધી રહ્યા છે. 'હાલના દિવસોમાં બીજી વખત કેલિફોર્નિયાના લોકો અણસમજુ ગોળીબારમાં પ્રિયજનોને ગુમાવવાનો શોક કરી રહ્યા છે', એમ પ્રમુખ જો બાઈડેને મંગળવારની સવારે કહ્યું હતું. અમને ખબર છે કે અમેરિકાભરમાં બંદૂક હિંસાના શાપને દૂર કરવા સખત પગલાંની જરૂર છે, એમ તેમણે ઉમેર્યું હતું. નવા વર્ષમાં અમેરિકામાં 6 સામૂહિક હત્યાઓ થઈ હતી અને 3 અઠવાડિયાથી પણ ઓછા સમયમાં 39 લોકોનાં મૃત્યુ થયાં હતાં.



ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીએ રાધિકા સાથે સગાઇ કર્યા બાદ પુરીમાં શ્રી જગન્નાથ મંદિરના દર્શન કર્યા હતા.



# દિલ્હી નગરપાલિકાના ગૃહમાં હંગામો થતાં મેયરની ચૂંટણી બીજી વખત સ્થગિત કરાઈ

**આપના** સભ્યોએ હંગામો શરૂ કર્યો હતો જેના કારણે ગૃહને સ્થગિત કરવામાં આવ્યું હતુંઃ ભાજપ

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): દિલ્હીનું મ્યુનિસિપલ કોર્પોરેશન મેયરની પસંદગી કરી શક્યું ન હતું, તેની કાર્યવાહી મંગળવારે મુલતવી રાખવામાં આવી હતી, મેયરની ચૂંટણી માટે બોલાવવામાં આવેલા નવા ગૃહના બીજા સત્રમાં પણ પ્રક્રિયા પૂર્ણ ન થતા આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો અને ધારાસભ્યો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ગૃહની કાર્યવાહી માટે અસામાન્ય સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી, સિવિક સેન્ટર પરિસરમાં અને ગૃહમાં પણ જવાનો તૈનાત કરાયા હતા.

જો કે ભાજપ અને આપ સભ્યો વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી જેના પગલે ભાજપના કોર્પોરેટર અને ગૃહના અધ્યક્ષ સત્ય શર્માએ મતદાન યોજ્યા વિના ગૃહને સ્થગિત કર્યું હતું.

આપના તમામ કોર્પોરેટરો તેમના 13 ધારાસભ્યો અને ત્રણ સાંસદો ગૃહમાં બેઠા અને ભાજપના કોર્પોરેટરોને પાછા આવવાની માગણી કરી જેથી મેયરની ચૂંટણી યોજી શકાય.

'જ્યાં સુધી ભાજપના કોર્પોરેટરો પાછા ન આવે અને મતદાન ન થાય ત્યાં સુધી અમે ગૃહ છોડીશું નહીં. જ્યાં સુધી ચૂંટણી ન થાય ત્યાં સુધી અમે અહીં જ બેસીશું', એમ આપના નેતા દુર્ગેશ પાઠકે કહ્યું હતું.

ભાજપના મેયર પદના ઉમેદવાર અને શાલીમાર બાગના ત્રણ વખતના કોર્પોરેટર રેખા ગુપ્તાએ પણ સિવિક સેન્ટરમાં ધરણા કર્યા હતા. રેખા ગુપ્તાએ દાવો કર્યો હતો કે આપે હંગામો શરૂ કર્યો હતો જેના કારણે ગૃહને સ્થગિત કરવામાં આવ્યું હતું.

રેખાએ પત્રકારોને કહ્યું હતું, 'આપના એક કાઉન્સિલર પ્રવીણે અમારી મહિલા કાઉન્સિલરને ધક્કો માર્યો હતો આ તેમના માટે ખૂબ જ શરમજનક છે'. 15 દિવસની અંદર આ બીજી વખત છે કે ગૃહની અંદર તોફાનના કારણે તેને સ્થગિત કરાયું હતું અને મેયરની ચૂંટણી યોજાઈ ન હતી.



# કોરિયામાં ભારે બરફવર્ષાથી 500 ફ્લાઈટ્સ રદ

**બેઉ** કોરિયા, ચીન અને જાપાનમાં પારો ગગડીને દાયકાના નીચલા સ્તરે, લુનાર નવા વર્ષની મજા બગડી

સિયોલ, 24 જાન્યુઆરી (રોઇટર્સ) - શિયાળાના આકરા હવામાનને કારણે દક્ષિણ કોરિયાના પર્યટન ટાપુ જેજુથી આવતી-જતી લગભગ 500 ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે, એમ સત્તાવાળાઓએ મંગળવારે જણાવ્યું હતું, જેના કારણે મુસાફરો માટે નવા વર્ષની રજાના અંતિમ દિવસે વિક્ષેપ પડ્યો હતો.

એરપોર્ટના પ્રવક્તાએ રોઇટર્સને જણાવ્યું હતું કે, તમામ 466 ડોમેસ્ટિક ફ્લાઇટ્સ અને જેજુ ઇન્ટરનેશનલ એરપોર્ટથી ઉડાન ભરવાની નિર્ધારિત 10 આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી.

પૂર્વોત્તર એશિયા અસાધારણ રીતે ઠંડા પવનની ચપેટમાં છે, બે કોરિયા, જાપાન અને ચીનમાં પારો ગગડીને લગભગ એક દાયકામાં સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે.

દક્ષિણ કોરિયાના હવામાન વહીવટીતંત્રે મંગળવારે સવારે કોલ્ડવેવની વિશેષ ચેતવણી જારી કરી હતી, જેમાં લોકોને ફ્રીઝના સંભવિત જોખમ અંગે ચેતવણી આપવામાં આવી હતી. ઉત્તર કોરિયાની સરહદ નજીક આવેલા ચેઓવરોન કાઉન્ટીમાં સિઓલમાં તાપમાન માઈનસ 16 સેલ્સિયસ અને માઈનસ 25 સે. હતું.

# પાકિસ્તાનમાં કેટલાંક વિસ્તારોમાં વીજળી જવાના બનાવ ચાલુ રહ્યા

**ઈસ્લામાબાદ** અને અન્ય મોટા શહેરોમાં લાંબા સમય સુધી વીજળી ગઈ હતી

**વડા પ્રધાન** શેહબાઝ શરીફે સોમવારે દેશભરમાં વીજળી ગઈ હતી તે બદલ લોકોની માફી માગી

ઈસ્લામાબાદ, તા. 24 (પીટીઆઈ): પાકિસ્તાનના મોટા ભાગના વિસ્તારોમાં મંગળવારે સમયાંતરે વીજ કાપ કરવામાં આવ્યો હતો જો કે સરકારે દાવો કર્યો હતો કે દેશભરમાં વીજળી પુરવઠો ખોરવાયા બાદ પુરવઠો ફરીથી પૂર્ણ રીતે શરૂ કરવામાં આવ્યો હતો. ચાર મહિનાની અંદર આ બીજી વખત દેશભરમાં વીજળી જવાનો બનાવ બન્યો હતો.

સોમવારે ઓચિંતા નેશનલ ગ્રિડમાં ખામી આવતા દેશમાં વીજળી જતી રહી હતી જેના પગલે સામાન્ય જનજીવન ખોરવાયું હતું અને લાખો લોકો અસરગ્રસ્ત થયા હતા. દરમિયાન પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે મંગળવારે દેશભરમાં વીજળી જવાના કારણે થયેલી અસુવિધા બદલ દેશના લોકોની માફી માગી હતી.

# સ્વીડનમાં કુરાન સળગાવવાના વિરોધમાં મુસ્લિમ દેશોમાં પ્રદર્શનો, સ્વીડનનો ધ્વજ સળગાવવામાં આવ્યો



નવી દિલ્હી, તા. 24: સ્વીડન સરકારે પાલુદાનને એક રેલીમાં કુરાન સળગાવવાની મંજૂરી આપ્યા બાદ મુસ્લિમ દેશોમાં સ્વીડન વિરૂદ્ધ પ્રદર્શનો યોજાય હતા, તેઓ સ્વીડીશ દૂતાવાસોને બંધ કરવાની માગ કરી રહ્યા હતા. ઈન્ડોનેશિયા અને તુર્કીએ તેમને ત્યાંના સ્વીડીશ રાજદૂતને પવિત્ર પુસ્તક સળગાવવાના મુદ્દે સમન્સ જારી કર્યું હતું.


## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થકી જણાવવાનુ કે. ડીસ્ટ્રીક્ટ : સુરત, તાઃ ઓલપાડ, **મોજે ગામ : દીહેણ** ના સર્વે નંબર : ૪૯૭/૨, બ્લોક નં. ૭૫૧ થી નોંધાયેલી બિનખેતી જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૧-૦૪-૨૧ જે બિનખેતીની જમીન માં કે.જે.પી. થતા બ્લોક નં.૭૫૧-૧ થી ૭૫૧-૨૫ સુધીના પાનીયા અલગ અલગ કરી છુટ કરેલ જેનાં ખાતા નં.૧૨૩૩ છે. જેનું તમામ બ્લોક નં.૭૫૧-૧ થી ૭૫૧-૨૫ નું કુલ્લે ક્ષેત્રફળ ૧-૦૪-૨૧ ચો.મી. થાય છે. જેના જમીન માલીક ૧.દિલીપભાઇ ભગવાનભાઇ ચકલાસીયા, ૨. મરહુમ ફોજાલાલ હરગોવનદાસ પારેખ ના સીધીલિટીના વારસદારોની માલીકીની ચાલી આવેલ છે. તેઓ પાસેથી મારા અસીલ ચોખ્ખા માલીકી હકકે વેચાણ રાખવા માંગે છે. જેથી સદરહું જમીન ઉપર સબબ,કોઇપણ વ્યકિત,સંસ્થા/બેન્કના કોઇપણ જાતના લાગભાગ, હકક-હીત હીસ્સા સંબધ, દર-દાવાદુબી, પ્રકરણો, ચાર્જ, બોજા યા ખોરાકી પોપાકી હકક, અધિકાર હોય યા કોઇના ઇઝમેન્ટ હકક અધિકાર હોય તો તેવી વ્યકિત યા બેન્ક કે સંસ્થામા હીત ધારકોએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તે અંગેના લેખીત આધાર-પુરાવા સાથે **દિન-૦૭** માં અમોને નીચેના સરનામે રૂબરૂ લેખીત જાણ કરવી. અન્યથા મુદત વિત્યેથી કોઇનો કોઇ પણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ-ભાગ આવેલ નથી તેમ માની અને જો આવેલ હોય તો તે સ્વેચ્છાએ જતો (વેવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ સદરહું મિલકતના માલીકો પાસેથી વેચાણથી રાખી તે અંગેનો પાકો રજીસ્ટ્રર્ડ વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે તેની નોંધ લેવી.

ઓફિસઃ ટી.પોદાર હાઉસ, બ્રેડલાઇનર સર્કલ પાસે, ઉધના મગદલ્લા રોડ, સુરત.
મો.૯૦૩૩૦-૬૬૧૬૩,૯૦૬૭૬-૬૬૧૬૩

અસીલની સુચના અને ફરમાઇશથી
**અજય.એમ.દામાણી**
તે ખરીદનારના એડવોકેટ



MANAGED BY : SDVS ASHAKTASHRAM TRUST

ADMISSION OPEN

| T.&.T.V. INSTITUTE OF NURSING | T.&.T.V. CENTRE FOR PARAMEDICAL COURSE |
|---|---|
| COURSE | ONE YEAR CERTIFICATE COURSE 10TH OR 12TH PASS |
| M.Sc NURSING B.Sc / P.B.B.Sc Nursing + 1 Year Exp. | |
| P.B.B.Sc NURSING GNM Pass | LABORATORY TECHNICIAN |
| B.Sc. NURSING 12th Pass with Biology & English | DIALYSIS TECHNICIAN |
| GNM 12th Pass with Any Stream & English | O.T.TECHNICIAN |
| Note : Above all courses are recognized by Gujarat Nursing Council, VNSGU & Permitted by Gujarat Government | Note : Above All courses are recognized by Paramedical Council of Gujarat & National Paramedical Council, New Delhi |

CONTACT : 97265 00330 / 74359 85888 / 79901 42794
Address : Ashaktasharam Complex, Near SRSS Venus Hospital, Katargam Darwaja Flyover, Surat
Website : www.ttvnursing.ac.in | E-mail : tntvprincipal@gmail.com



